

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*હજારોની ડોક મરડી પાંચ પંખી બચાવે છે!*
*ખોખલું 'કરૂણા અભિયાન' નું નામ વટાવે છે!*
*મચાવે આતંક નિર્દોષ પંખીઓ પર નિર્દયો -*
*આ બેધારી નીતિ પર સૌ દાંત કચકચાવે છે!*

હાઈકુ

*સત્યા-વક્તા છે,-*
*કેટલા ને પૂછશો?!*
*'તારું નામ શું?'*
*(માનનીય સાહેબશ્રી?!)*

*કરે છે જુલમ -*
*સૈનિકો-કર્મી પર -*
*જાણે ગુલામ!!*
*(નિષેધ આજ્ઞાઓ)*

### ચિંતન

***ધરમુ ન દૂસર સત્ય સમાના,***
***આગમ નિગમ પુરાન બખાના...***

ઉપરોક્ત ચોપાઈ 'અયોધ્યાકાંડ'માંથી લેવામાં આવેલ છે. વેધ શાસ્ત્ર તથા પુરાણ કહે છે કે સત્ય સમાન બીજો કોઈ ધર્મ નથી.

સત્યાનાસ્તિ પરોધર્મઃ।

સત્ય કરતાં બીજો મોટો કોઈ ધર્મ નથી.

જીવનમાં - આચરણમાં અને વિચારમાં સત્ય નિષ્ઠા હોય તો બીજા કોઈની - કંઈ પણની જરૂર નથી. - કથા-વાર્તા-પુરાણો - પંથો - સંપ્રદાયો - બધું જ નિરર્થક છે.

બધા જ ધર્મોના સાર માત્ર એક જ શબ્દમાં કહેવો હોય તો એ એકમાત્ર શબ્દ છે 'સત્ય' છે. આચાર-વિચાર-વાણી-વર્તનમાં માણસ (દંભી-જુઠ્ઠો ન હોય) સત્યનું જ પાલન કરતો હોય તો એ જ શ્રેષ્ઠ 'ધાર્મિક' અને એ જ 'ધર્મ' છે.

### સુવિચાર

- ગોખેથી હેઠે ઉતરો પ્યારા!! ત્યાં તો પથ્થર લાગો છો...
  માનવરૂપ ધરો છો ત્યારે સાચા ઈશ્વર લાગો છો - **શૂન્ય પાલનપુરી**
- ઉષ્માભર્યો સ્પર્શ, મિત્રતાભર્યો હાથ અને મીઠા મલકાટનું મહત્ત્વ
  વૈદ્યકીય ચિકિત્સાથી વિશેષ છે - **અખંડ આનંદ**
- ભૂખ્યા સમક્ષ પરમાત્મા પર રોટલા સ્વરૂપે જ આવે છે - **ગાંધીજી**
- ચારિત્ર્યનો પાયો સત્કર્મ અને સત્કર્મનો પાયો સત્ય છે - **જહોન રસ્કિન**
- ભક્તિ વિના જ્ઞાન શુષ્ક, કઠોર અને જડ બની જાય છે - **મોરારિ બાપુ**
- ખુલ્લુ મન સારૂં છે પણ વિવેકના પહેરા વિનાનું મન ઉપદ્રવ સર્જે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- આજનું ઔષધ : આકડાના પુષ્પો વાટી નવશેકા તલના તેલમાં પેસ્ટ બનાવી ઘા પર લગાડવાથી રૂઝ તરત આવે છે

**(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

આજે પણ ઘણા પંથ-સંપ્રદાયોમાં કેટલાક નિયમો 'પુરુષપ્રધાન' સમાજના ફતવા જેવા છે.

પુરુષ અને સ્ત્રીઓ આત્મા સમાન છે - અધિકાર-મોક્ષ-મુક્તિ-મોક્ષ-મુક્તિ-ભક્તિમાં પણ સમાનત્વ જ હોવું જોઈએ. પુરુષની ઈચ્છા મુજબ ત્રણવાર તલ્લાક બોલી સ્ત્રીને હડધૂત કરી ન શકાય! સ્ત્રીઓનો મંદિર-મસ્જિદ પ્રવેશ પણ 'ચર્ચા' નો વિષય નથી.

એકવાર હસન, સંત રાબિયા સાથે 'કુરાન' માગવા આવ્યા. સંત રાબિયાએ પોતાનું કુરાન આપ્યું. હસને હાથમાં લેતાં જ જોયું તો ઠેર-ઠેર કુરાનમાં રાબિયાએ કયાંક ઉમેરણ-સુધાર-વધારા કર્યા હતા. તેથી જરા કરડાકીથી હસન બોલ્યા : 'આવા ફેરફાર સુધારા-વધારા કુરાનમાં કરવાથી રજા નથી. ખુદાના દૂત મહમદ સાહેબના કુરાનમાં કોઈ ફેરફાર ન કરી શકે.'

જવાબ રૂપે રાબિયાએ કહ્યું જુઓ! આ ધર્મ પુસ્તક મારી માલિકીનું છે તમને વાંચવા આપ્યું એ બદલ તમારે મારો આભાર માનવો જોઈએ. મેં ખુદાને આમને-સામને જોયા છે અને વાતો પણ કરી છે મેં મારા અનુભવ પ્રમાણે કુરાનની કલમોમાં ફેરફાર કર્યા છે મને પરંપરાની કોઈ જ પરવા નથી. મારા પુસ્તકમાં હું કંઈ પણ ફેરફાર કરું એમાં કોઈ પણ વાંધો ન લઈ શકે!!

# જલીકટ્ટુ પ્રથા સામે કેન્દ્ર સરકાર ઝૂકી

**તંત્રીસ્થાનેથી...**

મૂંગાં પ્રાણીઓ ઉપરના અત્યાચાર સામે ચલાવાતી ઝુંબેશ અન્વયે દેશની સર્વોચ્ચ અદાલતે તમિળનાડુના પરંપરાગત જલીકટ્ટુ ઉત્સવ પર પ્રતિબંધ મૂકતો આદેશ કર્યો હતો. આમ જુઓ તો આ આદેશનું સમ્માન કરવા જેવું હતું પરંતુ પ્રજા એની વર્ષો જૂની પરંપરાથી મુક્ત થઈ શકતી નથી, તેનું આ જવલંત ઉદાહરણ છે. પ્રજાએ એકી અવાજે રસ્તા પર ઊતરી આવી જલીકટ્ટુ પ્રથા ઉપરના પ્રતિબંધ સામે પ્રતિકાર કર્યો તે એવો પ્રભાવક નીવડ્યો કે ખુદ કેન્દ્ર સરકારે તાબડતોબ વટહુકમ બહાર પાડીને તમિલનાડુમાં આખલાઓ ઉપરના અત્યાચારને પશુ ક્રૂરતા અધિનિયમમાંથી બાદ કરી સુપ્રીમ કોર્ટના આદેશને નિરસ્ત કરી દેવો પડ્યો છે. આ એક સીમાચિહ્ન રૂપ વટહુકમ છે, જે રાષ્ટ્રપતિની મંજૂરી માટે પણ મોકલાવ્યા વગર સીધો રાજય સરકારને બજાવવામાં આવ્યો છે. એથી કેટલીક બંધારણીય મર્યાદાઓનું ઉલ્લંઘન થયું છે કે નહીં એ તો અદાલતો જ નક્કી કરશે, પરંતુ દેશની સર્વોચ્ચ અદાલત સામે કેન્દ્રની સત્તાનો પડકાર તો જરૂર ઊભો થયો છે. એ બધા તાત્ત્વિક મુદ્દાઓ બાજુએ મૂકીએ તો પણ માનવીય કરુણા અને અહિંસાના મુદ્દે આવી જંગાલિયત ભરી પ્રથાને અનુમોદન આપવું પડ્યું છે તે કેન્દ્ર સરકારની મજબૂરી છે. જલીકટ્ટુ એ સ્પેનની બુલફાઈટને મળતી આવતી ક્રૂર રમત છે. અલબત્ત, સ્પેનની બુલ ફાઈટમાં માણસ અને આખલા વચ્ચે સીધી લડાઈ યોજાય છે. માણસ પાસે આખલા જેવી શારીરિક તાકાત નથી, પરંતુ એની પાસે ભાલા જેવાં ધારદાર શસ્ત્રો છે. આખલાને દોડાવી દોડાવીને થકવી નાખ્યા પછી રીતસર એનો વધ કરવામાં આવે છે અને એના માંસની મિજબાની કરાય છે. જલીકટ્ટુમાં કદાચ દોડતા આખલાઓને ભડકાવી ભડકાવીને પજણવી કરાય છે, પણ એમનો વધ નથી કરાતો. પરંતુ માણસ મનોરંજન માટે આવી બર્બરતાયુક્ત રમત યોજીને આખરે તો માણસ એનામાં પડેલી હિંસક આદિમતા અને પશુતાનો જ પરિચય કરાવે છે? - એ પણ પ્રશ્ન છે. જો કે દુનિયાની મોટા ભાગની પ્રજા માંસાહારી છે અને ભારત અહિંસાને વરેલો દેશ ગણાતો હોવા છતાં માંસની નિકાસમાં અવ્વલ દરજ્જો ધરાવતો દેશ પણ છે, તે કેવી વિબંડના છે! અહીં અવતારી પુરુષો પાકે છે, જે દુનિયાભરમાં અહિંસા અને કરૂણાનો સંદેશો ફેલાવતા રહે છે, પણ ભારતમાં કતલખાનાં ધમધોકાર ચાલે છે. જલીકટ્ટુની વાત છોડો, અહીં ધાર્મિક પ્રથાના નામે બલિપ્રથા પર કોઈ જગ્યો પ્રતિબંધ લાગી શકયો છે ખરો? બકરી ઈદની ઉજવણી હોય કે માતાને રીઝવવાની વાત હોય - નિર્દોષ પ્રાણીઓનું લોહી વહેતું જ રહે છે. સરકારોએ તો આખરે જનમત સાથે રહેવું જ પડે, કારણ કે એ સિવાય સત્તા ટકી શકે નહીં. નવાઈ એ વાતની છે કે તમિલનાડુની જલીકટ્ટુ પ્રથાના સમર્થનમાં રાજકારણીઓ ઉપરાંત તમામ બૌદ્ધિકો - રજનીકારણ અને કમલ હસન જેવા લોકપ્રિય કલાકારો પણ રસ્તા પર ઊતરી આવ્યા! આ બાબત શું આપણામાં રહેલા આદિમ પશુની જ ઓળખાણ નથી?

# જમ્મુ કાશ્મીરનું સંવિધાન ભારતના સંવિધાનને આધીન છે... સુપ્રિમ કોર્ટ




**દેશનું બંધારણ અને કાયદા રાજયના બંધારણથી ઉપર છે**

સુપ્રિમ કોર્ટે તાજેતરમાં ઠરાવ્યું છે કે જમ્મુ કાશ્મીરના નાગરિકો પ્રથમ ભારતના નાગરિકો છે. ભારતના બંધારણનું પાલન કરવાની તેમની પ્રાથમિક ફરજ છે. જમ્મુ કાશ્મીરનું બંધારણ ભારતના બંધારણથી ઉપર નથી માત્ર થોડી સ્વાયત્તા તથા વિશેષાધિકારો ત્યાંના નાગરિકોને મળેલ છે જેનું પાલન ભારતના બંધારણની મર્યાદાના આધિન રહીને કરવાની ફરજ તમામ નાગરિકોની છે. નાગરિકોની ચલ, અચલ સંપત્તીના કાનૂનમાં પૂર્ણ સપ્રભુતા ત્યાંના નાગરિકોની સ્વીકારેલ છે પરંતુ ભારતના સંવિધાનની બહાર તેમજ કાશ્મીરના બંધારણ મુજબ જરાપણ સપ્રભુતા રહેતી નથી. રાજય એ ભારતના બંધારણના આધિન જ છે.

સુપ્રિમ કોર્ટે જણાવ્યું છે કે આ મુજબ ત્યાંના નાગરિકોને અલગ તથા વિશિષ્ટ વર્ગના દર્શાવવા એ વ્યાજબી નથી. સ્વતંત્રતાનો અર્થ સ્વચ્છંદતા તથા મન મરજી જરાપણ ગણી શકાય નહિ. અલગાવવાદી નેતાઓ ભારતના બંધારણની જોગવાઈઓને ભંગ કરી શકે નહિ તથા અલગ નિયમો દ્વારા ફતવા જારી કરી શકે નહિ. પ્રતિભુત હિત પ્રવર્તમાન અધિનિયમ ૨૦૦૨ ના નિયમોથી સંસદની કાયદાકિય ક્ષમતાની અંદર લાગુ કરવા ભલામણ કરેલ છે. ઉચ્ચ અદાલતે જમ્મુ કોર્ટના નિર્ણયને રદ કરતા જણાવેલ કે રાજય વિધાન મંડળને અસર કરતા સંસદના કોઈ કાનૂન જમ્મુ કાશ્મીરમાં લાગુ નહિ પડે તે રદબાતલ ઠરાવી કેન્દ્રીય સંસદિય સમિતિના નિયમો તથા ભારતીય બંધારણ એ રાજયથી સર્વોપરી છે અને જણાવેલ છે કે હાઈકોર્ટનો ફેંસલો જ પ્રારંભથી ખોટો છે. જમ્મુ કાશ્મીરના નાગરિકોને કોઈ ડબલ નાગરિત્વ આપેલ નથી. જમ્મુ કાશ્મીરના અધિનિયની કલમ-૫ મુજબ માત્ર વસવાટ કરતા નાગરિકોની વારસાઈ સંપત્તી માટે જ અલગ નિયમો બનાવેલ છે તેટલા પૂરતા જ વિશિષ્ટ અધિકારો પ્રાપ્ત થયેલ છે. રાજયના નિયમો કેન્દ્રના બંધારણથી પર નથી. જમ્મુ કાશ્મીરના નાગરિકએ ભારતના જ નાગરિકો છે. જમ્મુ કાશ્મીરને અલગ રાજયનો દરજ્જો મળેલ છે, અલગ દેશનો નહિ. કોર્ટના આ ફેંસલાથી જમ્મુ કાશ્મીરની સંપત્તી હસ્તાંતરણ અધિનિયમ-૧૯૨૦ સામે ટકરાશે બેન્કોના લેણદારોની સંપત્તીની જપ્તી જમ્મુ કાશ્મીરમાં આવેલ હોય તો પણ થઈ શકે છે તેમાં કોઈ અલગ નિતિ નિયમો લાગુ પાડી ભેદભાવ રાખી ના શકાય વિત્ત કાયદાઓ દેશના દરેક ભાગ અને રાજયના નાગરિકો માટે સમાન ધોરણે લાગુ પડે છે. જમ્મુ કાશ્મીરની સંપત્તી ધારક દેશની બીજા રાજયની બેન્કનો દેવાદાર હોય તો તેની સંપત્તી બેન્ક દ્વારા ટાંચમાં લઈ શકાય છે.

જમ્મુ કાશ્મીરનું સંવિધાન જે સાર્વભૌમીક પુખ્ત મતાધિકારના આધાર ઉપર સંવિધાન સભાએ તૈયાર કરેલ છે જેમાં સ્પષ્ટ રીતે જણાવ્યું છે કે જમ્મુ કાશ્મીર ભારતનું અભિન્ન અંગ છે અને રહેશે સુપ્રિમ કોર્ટે જમ્મુ કાશ્મીર હાઈકોર્ટના ફેંસલાને રદ કરતા જણાવ્યું છે કે પ્રતિભુત હિત ધારા ની કલમ ૧૩ મુજબ બેન્કો દ્વારા મીલ્કત જપ્તીની નોટીસ કાયદેસરની છે જે રદ કરી શકાય નહિ. બેન્કનો દેવાદાર જમ્મુ કાશ્મીરનો રહવાશી હોય અને તેની મીલ્કત જમ્મુ કાશ્મીર રાજયમાં આવેલ હોય તો પણ બહારની બેન્ક તેની ચલ અચલ સંપત્તી જપ્ત કરી બેન્કનું લેણું વસુલ કરી શકે છે જેમાં નવો વિત્ત ધારો કે જમ્મુ કાશ્મીરના સંવિધાનનો કોઈ જ કાયદો રોકી શકે નહિ. બેન્ક દ્વારા આવા ડિફોલ્ટરો સામે દંડનીય કાર્યવાહી પણ થઈ શકે ... કાનૂન જમ્મુ કાશ્મીરના સંપત્તી હસ્તાંતર અધિનિયમ-૧૯૨૦ સામે ટકરાશે તે નક્કી છે પરંતુ એક રાજયમાં બે કાયદા દ્વારા લાભ લઈ શકાય નહિ તથા દેશના કાયદા રાજયના કાયદાથી ઉપર છે તેથી ત્યાંના રહેવાસીઓને એક અલગ અને વિશિષ્ટ વર્ગના સ્વરૂપમાં વર્ણવવા એ ખોટી હક્કિત છે કોઈ જ બેવડી નાગરિકતા મળી શકતી નથી જેમ કે દુનિયાના બીજા હિસ્સામા મળે છે. પ્રતિભુત હિત પ્રવર્તમાન કાયદાની કલમ ૧૩ મુજબ બેન્કો આવા ડિફોલ્ટરની મીલ્કતો જપ્ત કરી શકે છે તેમાં રાજયના કોઈ જ કાયદાનો કે સંવિધાનનો ભંગ થતો નથી.

ભારતીય સ્ટેટ બેન્ક એ આખા ભારતના નાગરિકોની બેન્ક છે જેને દેશના બંધારણ અને નિતિ નિયમો, શરતો દેશના કોઈપણ ખૂણે કોઈપણ રાજયના ખાતેદાર જો તે ડિફોલ્ટર જાહેર થાય તો લાગુ પડે છે જેમાં જમ્મુ કાશ્મીરના નાગરિકો કે ખાતા ધારકોને બાકાત રાખવાની કોઈ જ જોગવાઈઓ બેન્કના રૂલ્સ એન્ડ રેગ્યુલેશનમાં નથી. જમ્મુ કાશ્મીરની સંપત્તી હસ્તાંતરણ અધિનિયમ ૧૯૨૦ ની જોગવાઈઓ ભારતીય સ્ટેટ બેન્કની

**અનુસંધાન પાના નં. ૭ પર**

# ચમત્કારો કયારેક થાય છે ખરા - પણ તેને માટે માણસને આકરી મહેનત કરવી પડે છે




ઉત્સાહનો એક શબ્દ કહેતાં
માત્ર એક જ ક્ષણ લાગે છે;
ઝરતા આંસુને લૂછવા માટે
માત્ર એક જ ક્ષણ લાગે છે :
મદદ માટે હાથ લંબાવતા
માત્ર એક જ ક્ષણ લાગે છે
સમજવાનો પ્રયત્ન કરવા
માત્ર એક જ ક્ષણ લાગે છે;
મિત્ર મેળવતાં ને તેને જાળવતા
માત્ર એક જ ક્ષણ લાગે છે;
કોઈનો દિવસ ઉજાળતાં
માત્ર એક જ ક્ષણ લાગે છે;
તો પછી, આ જ ક્ષણને જડી ઘો
.... તે સરકી જાય તે પહેલાં...

**- ફિલિપ સી. માઈકેલ (અનુ. જગદીશ જોષી)**

ઉત્તરાયણના રંગબેરંગી પતંગોના ઉત્સવ ઉલ્લાસભર્યા માહોલથી વર્ષની સુંદર શરુઆત થઈ. ફરી એકવાર આપણે આપણા રોજબરોજના કાર્યોમાં યંત્રવત્ જોડાઈ ગયા. પણ ગયા વર્ષે કે વીતેલી જિંદગીમાં જે નથી થઈ શક્યું એ આવનાર ક્ષણોમાં કે આવનાર વર્ષમાં ચોક્કસપણે કરીશું જ એવો દૃઢ સંકલ્પ કરીએ તો આવી નાની-નાની ક્ષણો આપણા આ નવા વર્ષને સંતોષ અને તૃપ્તિથી તરબતર કરી મૂકવાની ક્ષમતા ધરાવે છે. સાવ નાની-નાની ક્ષુલ્લક બાબતો અને નાના-નજીવા પ્રયત્નો દ્વારા એક મોટો બદલાવ જો કોઈની જિંદગીમાં આપણાથી થઈ શકતો હોય તો એનાથી વિશેષ આનંદની બાબત આપણા પોતાને માટે પણ બીજી કઈ હોઈ શકે ?

ઈશ્વરે આપેલા આ મહામૂલા મનુષ્ય અવતારને આપણે સર્વશ્રેષ્ઠ રીતે જીવવાનો સંકલ્પ કરીએ તો આપણે સ્વપ્નમાં પણ ન વિચાર્યુ હોય તેવા અણધાર્યા પરિણામો અને ચમત્કારો થતા અનુભવી શકીએ. ઈશ્વરની રચેલી આ સૃષ્ટિમાં દરેકે દરેક પોતાનું સર્વશ્રેષ્ઠ પરફોર્મન્સ (Performance) આપવાનું નક્કી કરે તો આખું વિશ્વ સર્વશ્રેષ્ઠ બની શકે. આપણે નક્કી કરીએ કે આ જીવન એ સર્વશ્રેષ્ઠ રીતે જ જીવીશું અને મારા હાથે કાચું કામ શોભે નહિં જ. આપણી દરેકની મર્યાદાઓ પણ હશે અને કોઈ કમજોરી પણ હોવાની જ; પણ તે તમામ હોવા છતાં આપણાથી સારામાં સારું કામ થઈ શકે તો જ આપણો આ મનુષ્ય અવતાર સફળ કરી શકાય. ફાધર વાલેસ લખે છે તેમ,

"પૂજામાં દેવમૂર્તિને ચોખા ચડાવવામાં આવે છે. અને ચોખાના ઘણાં અખંડ, અક્ષત હોવા ઘટે, સો સારા દાણા ભેગા એક તૂટેલો હોય તો 'ચાલશે' એમ માને એ સાચો પૂજારી નથી. આપણું જીવન પણ એક યજ્ઞ છે. દિવસે દિવસે, દાણે દાણે હૃદયમંદિરમાં બિરાજતા અંતર્યામીના ચરણની આગળ આપણું એક એક કાર્ય આપણે અર્પણ કરતા જઈએ છીએ. એવું એકેએક કાર્ય વિશુદ્ધ, શ્રેષ્ઠ, અક્ષત રાખવાનો જેને દિલથી આગ્રહ ન હોય, તે સાચો જીવનપૂજારી નથી."

આજના આ યુગમાં નાની-નાની બાબતાં વર્ષો જૂના સંબંધનો પળવારમાં જ અંત આવી જાય છે. ગુસ્સો ઓછો થઈ જતાં જ આપણને આપણી ભૂલ સમજાઈ જાય છે પણ ત્યાં સુધીમાં ઘણું મોડું થઈ ગયું હોય છે. જેમ ઘણીવાર ભૂખ ન હોય છતાં ખવાઈ જાય છે, એક કોળિયો વધુ મોમાં મૂકી દેવાય છે. બોલવું નથી હોતું અને કંઈક બોલી દેવાય છે - અણધાર્યું, ઓચિંતું, ન જોઈતુ, કરવું નથી હોતું અને કંઈક કરી બેસાય છે... ખવાઈ જાય છે, બોલાઈ જાય છે, કરી બેસાય છે. આ જ રીતે પતિ-પત્ની, મિત્રો વચ્ચે નાના નાના ઝગડા થઈ જતા હોય છે અને આ જ રીતે ભયંકર હુલ્લડો, રમખાણ અને આતંકવાદી હુમલાઓ થઈ જતા હોય છે. આ દરેકના મૂળમાં તો ક્ષણવારની મતિભ્રષ્ટ થવાની વૃત્તિ, અવિચારી વૃત્તિ જ કારણરૂપ છે, ક્ષણવાર માટે વ્યક્તિમાં કંઈક બીજું જ જાગી ઉઠે છે. માણસ પોતે પોતાની આ વૃત્તિ આગળ જાણે લાચાર અને વિવશ બની અણછાજતું વર્તન કરી બેસે છે. માટે આપણે સૌ પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરીએ કે :

"હે પરમાત્મા,
મને તારી શાંતિનું સાધન બનાવ.
જયાં ધિક્કાર છે ત્યાં હું પ્રેમ વાવું
જયાં ઘાવ થયો છે ત્યાં ક્ષમા
જયાં શંકા છે ત્યાં શ્રદ્ધા
જયાં હતાશા છે ત્યાં આશા
જયાં અંધકાર છે ત્યાં આનંદ.
હું દિવ્ય સ્વામી, એવું કરો કે,
હું આશ્વાસન મેળવવા નહિ, આપવા ચાહું
મને બધાં સમજે એ કરતાં હું, બધાંને સમજવા ચાહું
મને કોઈ પ્રેમ આપે એ કરતાં હું કોઈને પ્રેમ આપવા ચાહું.
કારણ કે,
આપવામાં જ આપણને મળે છે;
ક્ષમા કરવામાં જ આપણે ક્ષમા પામીએ છીએ
મૃત્યુ પામવામાં જ આપણે શાશ્વત જીવનમાં જન્મીએ છીએ."

**- સંત ફ્રાન્સિસ (અનુ. કુન્દનિકા કાપડીયા)**


અનુકંપા, લાગણીઓ અને સંવેદનાઓને આપણામાં વધુ ને વધુ ઉજાગર કરીએ. કયારેક કોઈના માટે ક્ષણવાર માટે આવેગ કે દ્વેષ થઈ આવે તો પણ તેને આપણા પર હાવી થવા ન દઈએ અને આપણા મૂળ સ્વભાવને, મૂળ પ્રકૃતિને જાળવી રાખીએ એવી પરમકૃપાળુ આપણને શક્તિ અર્પે એ જ નવવર્ષની શુભકામના.

Last Seen :
ચમત્કારો કયારેક થાય છે ખરા -
પણ તેને માટે માણસને આકરી મહેનત કરવી પડે છે

**- ચાઈમ વાઈઝમેન**

- nehalgadhavi101@gmail.com

# વાઈબ્રન્ટ ગુજરાત અને નોબેલવિજેતા વેંકીની કડવી દવા




- **વડોદરામાં ભણેલા વૈજ્ઞાનિક પ્રાચીન વિજ્ઞાનને ટાઢા પો'રનાં ગપ્પાં માને છે**
- **મૂળ ભારતીય વૈજ્ઞાનિકના મતે, રામાયણકાળની 'પુષ્પક' વિમાનની કલ્પના 'હંબગ'**
- **ભારતીયો નિષ્ફળતાને પચાવવા અને ટીકાને સહન કરવાની બાબતમાં ખૂબ જ આળા**
- **વડા પ્રધાન મોદીના નોટબંધીના પગલાને નોબેલ-વિજેતા વેંકટરામનનું સમર્થન**

ગુજરાતીમાં 'કડવાં કારેલાંના ગુણ ના હોય કડવા, કડવાં વચન ના હોય કડવાં રે લોલ' એ ઉક્તિ છે. રાજનેતાઓને મીઠા બોલ અને વખાણ ખૂબ ગમતાં હોય છે, પણ તાજેતરમાં જ ગાંધીનગર તથા અમદાવાદમાં યોજાઈ ગયેલા વાઈબ્રન્ટ ગુજરાત મહોત્સવમાં કમસે કમ નવ નોબેલ-વિજેતા મહાનુભાવોમાંથી એક એટલે કે વેંકટરામન રામકૃષ્ણને જરા નોખી ભાત પાડી. એટલે અમને પેલાં કડવાં કારેલાંના ગુણનું સ્મરણ થઈ આવ્યું. પિતા વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં પ્રાધ્યાપક હોવાથી બાળપણ અને શિક્ષણનાં પ્રારંભિક વર્ષો વડોદરામાં વીતાવનાર 'વેંકી'ના ટૂંકા નામે વધુ જાણીતા અને આખાબોલા નોબેલ-વિજેતા આ વખતે આગવી છાપ મૂકીને ગયા.ભારતીય વિજ્ઞાન પરિષદ એટલે કે દર વર્ષે વડા પ્રધાનના અધ્યક્ષપદવાળી ભારતીય વૈજ્ઞાનિકોની ઈન્ડિયન સાયન્સ કોંગ્રેસને 'સરકસ' ગણાવીને એમાં સહભાગી થવાનું ટાળનાર વેંકીની ગાંધીનગર, અમદાવાદ અને વડોદરાની મુલાકાત ખાસ્સી ધ્યાનાકર્ષક રહી.

'બદલાતા જતા વિશ્વમાં વિજ્ઞાન અને તંત્રજ્ઞાન' વિશેના વિક્રમ સારાભાઈ સ્મૃતિ વ્યાખ્યાનમાં નોબેલ-વિજેતા વેંકટરામન ખૂબ ખીલ્યા. એમણે રાજકીય શાસકોનો ઉધડો લીધો. રાજકીય શાસકો વૈજ્ઞાનિકોને સંશોધન માટેની સુવિધા ઉપલબ્ધ કરાવવા પૂરતું જ પોતાનું દાયિત્વ નિભાવે અને એ પછીની પ્રાથમિકતાઓ વૈજ્ઞાનિકો જ નક્કી કરે એવો વેંકીનો આગ્રહ છે. 'રાજનેતાઓએ વૈજ્ઞાનિકોની પ્રાથમિકતાઓના નિર્ધારણમાં દખલગીરી કરવી નહીં' એવા સ્પષ્ટ મતના આ વૈજ્ઞાનિક જન્મ્યા છે તામિળનાડુના ચિદંબરમમાં અને વાયા વડોદરા ૧૯૭૧થી કેમ્બ્રિજમાં કાર્યરત છે. બ્રિટનની રોયલ સોસાયટીના અધ્યક્ષ તરીકેનું ગૌરવવંતુ સ્થાન મેળવી ચૂક્યા છે.૨૦૦૯માં નોબેલ પારિતોષિક મેળવ્યા પછી વડા પ્રધાનપદે ડૉ.મનમોહન સિંહ હતા ત્યારે ભારતીય વિજ્ઞાન પરિષદમાં એમનું સન્માન કરવામાં આવ્યું હતું પણ એ રાજનેતાઓ અને સત્તાધીશોથી અંતર રાખવાનું પસંદ કરે છે.

મુંબઈમાં બે વર્ષ પહેલાં ભારતીય વિજ્ઞાન પરિષદમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી પધાર્યા અને પ્રાચીન વિજ્ઞાન વિષયક એક સત્ર પણ યોજાયું ત્યારે એની ખૂબ ટીકા થઈ હતી. વિશ્વ વિખ્યાત કોમ્પ્યુટર વિજ્ઞાની અને પરમ કોમ્પ્યુટરના સર્જક એવા પદ્મવિભૂષણ ડૉ.વિજય ભાટકરની અધ્યક્ષતામાં ભારતની પ્રાચીન વિમાનવિદ્યા સહિતના વિજ્ઞાનના સત્રની ભારતમાં અને વિદેશમાં ખૂબ ટીકા થયેલી. જોકે, વેંકી આવી ટીકા કરવામાં અગ્રેસર રહ્યા છતાં મોદી સરકારે એમને પદ્મવિભૂષણથી નવાજ્યા છે.કમનસીબી એ વાતની છે કે ભારત જેમના માટે ગૌરવ લઈ શકે એવા વેંકટરામન ભારતીય પ્રાચીન વિજ્ઞાન અને આયુર્વેદ જ નહીં, હોમિયોપેથીને પણ 'હંબગ' ગણાવતા રહ્યા છે.

તેમને કદાચ વિવાદાસ્પદ નિવેદનો કરીને ચર્ચામાં રહેવાની ફાવટ છે. અન્યથા નવલકથાકાર એચ. જી. વેલ્સની ૧૫૦ વર્ષ પહેલાં લખાયેલી નવલકથામાંથી પ્રેરણા લઈને રાઈટ બંધુઓએ વિમાનની શોધ કરી એવું સ્વીકારનાર પશ્ચિમના વિશ્વમાં મૂળ ભારતીય વૈજ્ઞાનિક રામાયણકાળની 'પુષ્પક' વિમાનની કલ્પનાને 'હંબગ' ગણાવે ત્યારે એમનું અજ્ઞાન છતું થતું લાગે છે. આયુર્વેદનો પ્રભાવ પણ દુનિયાભરમાં વધી રહ્યો છે ત્યારે વેંકી હજુ આયુર્વેદે વૈજ્ઞાનિક શાસ્ત્રની એરણે અગ્નિપરીક્ષા આપવાની છે એવું કહે ત્યારે એમનાં અજ્ઞાનનાં જ દર્શન થાય છે. હોમિયોપેથી વિશેનાં એમનાં નીરિક્ષણોને તો વિશ્વના હોમિયોપેથ-જ્ઞાનના સમર્થકોએ પડકાર્યાં હતાં. પરંતુ પ્રાચીન વિજ્ઞાન અને આયુર્વેદ વિશેનાં વેંકીનાં નિવેદનો સામે વિરોધસૂર ઝાઝો ઊઠતો નથી.

નોબેલ-પારિતોષિક વિજેતા બન્યા પછી પ્રત્યેક બાબતમાં ટીકા-ટિપ્પણ કરવા જતાં ક્યાંક કાચું કપાતું હોય એવું પણ લાગે છે. જોકે, આવાં કટુવેણ ઉચ્ચારનાર વૈજ્ઞાનિકને નિમંત્રીને, એનાં કડવાં વેણ સાંભળીને, એ કડવી દવાને ભારતીય વૈજ્ઞાનિક દૃષ્ટિ બદલવામાં અને વિજ્ઞાનની શોધખોળોમાં કામે લગાડવામાં વડા પ્રધાન મોદી સાનુકૂળ રહે તો નિશ્ચિત લાભ થાય. કહ્યાગરા અધિકારીઓ અને કાર્યકરોની જેમ જ કહ્યાગરા વૈજ્ઞાનિકો ઝાઝી ધાડ મારી શકે નહીં. વેંકી સ્વાભિમાની છે. એની સલાહ લેવામાં આવશે તો એ જરૂર મદદરૂપ થવા તૈયાર છે, પણ એનું ફલક વિશ્વકેન્દ્રિત છે અને એને ભારતકેન્દ્રી બનાવવા તૈયાર નથી.

ભારતીય અંતરીક્ષ સંશોધન સંસ્થા 'ઈસરો'ના મંગળ યાનને છોડવા માટે મંગળવારનો શુભ દિવસ નક્કી કરાય અને 'ઈસરો'ના અધ્યક્ષ એ શુભપર્વ પૂર્વે મંદિરે દેવદર્શને જાય એ વિશે વેંકી આશ્ચર્ય વ્યક્ત કરે છે. રાજકારણ અને ધાર્મિક વિચારધારાઓની વિજ્ઞાનક્ષેત્રે ભેળસેળનના એ વિરોધી છે. જોકે વેંકી જે દેશમાં રહે છે એ દેશના વૈજ્ઞાનિકો પણ ધાર્મિક શ્રદ્ધા અને અંધશ્રદ્ધા ધરાવનારા હોવાના સર્વે થયેલા જ છે છતાં વૈજ્ઞાનિકોએ અંધશ્રદ્ધાના વિશ્વમાંથી બહાર નીકળી જવું એવા આદર્શના આગ્રહી વેંકી જરા વધુ પડતી નાસ્તિકતાને પોષતા લાગે છે.

નોબેલ-વિજેતા વેંકટરામન વૈજ્ઞાનિક વિકાસ અને આર્થિક વિકાસની વાતો પણ કરે છે. પોતાને મહાત્મા ગાંધી કે સ્વામી વિવેકાનંદની જેમ ભારતની સમગ્રલક્ષી દૃષ્ટિ નહીં હોવાનું એ કબૂલે છે. હજુ હમણાં ઓગસ્ટ મહિનામાં જ એમનો એક રિસર્ચ પેપર રિજેક્ટ થયાની વાત કહીને વિદ્યાર્થીઓને કે યુવા પેઢીને સતત કાર્યશીલ રહેવા, નિરાશાને ખંખેરવા અને દિવસના થોડાક કલાક સ્માર્ટ ફોનને બાજુમાં મૂકીને પોતાના અભ્યાસ કે સંશોધન પર ધ્યાન દેવાની સલાહ પણ આપે છે. ભારત બીજું ચીન બની શકવા સમર્થ હોવાનું જણાવવાની સાથે જ વેંકી ભારપૂર્વક કહે છેઃ 'જે દૃષ્ટિએ ભારતના વિકાસ માટેનાં આયોજન થવાં જોઈએ એવું કાંઈ થતું જણાતું નથી. માળખાકીય બાબતો તૂટી પડવાને આરે છે.' ભારતીયો નિષ્ફળતાને પચાવવા અને ટીકાને સહન કરવાની બાબતમાં ખૂબ જ આળા હોવાની તેમની વાતને કાને ધરવાની જરૂર ખરી. ઉપરી અને સહકર્મીઓ પ્રત્યે અસલામતીની ભાવના પ્રવર્તતાં એકંદરે નુકસાન થાય છે.

વડા પ્રધાન મોદીના નોટબંધી (ડિમોનેટાઈઝેશન)ના પગલાંનું નોબેલ-વિજેતા વેંકટરામન સમર્થન કરતા જોવા મળ્યાં. એમનું કહેવું હતું કે

**અનુસંધાન પાના નં. ૭ પર**